# મોડાસાનો કસ્બા વિસ્તાર કમળાના ભરડામાં

## ૮ વ્યક્તિઓને કમળો : ૧૫ લોકોને સારવાર અપાઈ : બાલાશિનોર જાનમાં ગયેલા તમામ લોકો પાણીજન્ય રોગમાં સપડાયા : કસ્બા વિસ્તારમાં ૪ ટીમો દ્વારા ૩૦૦ ઘરોમાં સર્વે

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. જિલ્લાના પ્રજાજનો લૂ લાગવાની, ઝાડા-ઉલ્ટી, બેભાન થવાની અનેક ઘટનાઓ સામે પ્રતિકાર કરી રહ્યા છે ત્યારે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતિ વિસ્તાર કસ્બામાં રહેતા લોકો લગ્નપ્રસંગે જાન લઈને જઈને પરત આવતા કમળાની અસર જણાતા મોડાસા શહેરની જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર લેવાની ફરજ પડી હતી. મોડાસા કસ્બા વિસ્તારના લોકો પાણીજન્ય રોગના ભરડામાં સપાડાતા આરોગ્ય વિભાગની અલગ-અલગ ટીમો દ્વારા ૩૦૦ ઘરોમાં સર્વેની કામગીરી હાથ ધરી સઘન તપાસ હાથ ધરી હતી.

મોડાસા શહેરના કસ્બા વિસ્તારમાં આવેલી રાઠોડ ફળી, મોગલફળી જેવા વિસ્તારના પ્રજાજનોને એકાએક ઉલટી, ઉબકા અને શરીરમાં કળતર સહિત તાવની અસર વર્તાતા કસ્બા વિસ્તારના પ્રજાજનોમાં દોડધામ મચી ગઈ હતી અને ફફડાટ ફેલાયો હતો. ત્રણ મહિલાઓ સહિત ૧૨ જણાઓના પરિવારજનોએ તાબડતોડ આ દર્દીઓને શહેરની જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરી સારવાર મેળવી હતી. જેમાંથી ૮ લોકોને પાણીજન્ય કમળાની બિમારી લાગુ પડ્યાની ખબર પડતા લોકોએ આરોગ્ય વિભાગને જાણ કરતા આરોગ્ય વિભાગ દ્વારા ૪ જુદી જુદી ટીમો બનાવી કસ્બા વિસ્તારના ૩૦૦થી વધુ ઘરોમાં સર્વેની કામગીરી હાથ ધરી સારવાર પુરી પાડી હતી. જિલ્લા આરોગ્ય અધિકારી (ઈન્ચાર્જ) ડૉ. યજ્ઞેશ નાયકના જણાવ્યા મુજબ કસ્બા વિસ્તારના આ રહીશો ત્રણ દિવસ અગાઉ બાલાસિનોર ગામે લગ્નપ્રસંગે જઈને આવ્યા પછી બિમારીમાં સપડાયા હતા. જેમાંથી ૮ જણાને સાદા કમળાની અસર જણાઈ હતી અને ૧૫ વ્યક્તિઓનએ સારવાર લેવાની ફરજ પડી હતી. આ બિમારી વધુ વકરે નહિ તે માટે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સતત કસ્બા વિસ્તારમાં નજર રાખવામાં આવી રહી છે.



# પ્રાંતિજના બોભા ગામે શોર્ટ સરકીટના કારણે મકાનમાં આગ

## ઘરમાં રહેલ ઘરવખરી સહિતનો સર સામાન બળીને ખાખ : પ્રાંતિજ પાલિકામાં બન્ને ફાયર ફાયટર પણ ખરા સમયે જ કામ ના લાગ્યાં : તલોદથી ફાયર ફાયટર બોલાવ્યું

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામે એક મકાનમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા આગમાં ઘરમા રહેલ ઘરવખરી સહિતનો સર સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જો કે કોઈ જાનહાનીનો બનાવ ના થતાં તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો.

પ્રાંતિજના બોભા ગામે રહેતા એક ગરીબ પરીવાર ઉપર અગ્નિ આભ ફાટ્યું. બાલસિંહ કોદરસિંહ રાઠોડ કે જેવો ઘરના બધાં સભ્યો ખેતરમાં ખેત મજૂરીએ ગયા હતાં તે સમયે તેમના ઘરે સવારના ૯-૩૦ કલાકે અચાનક શોર્ટ સર્કિટના કારણે આગ લાગતાં આગે જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં મોટી-મોટી જ્વાળાઓ જોતાં આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતાં અને ડેગરી, ડોલો દ્વારા પાણીનો મારો ચાલું કરી આગ હોલવવાનો પ્રયાસ કર્યો હતો.

જયારે ખેતરમાં ગયેલ પરીવારને પણ આગના સમાચાર મળતા ઘરે દોડી આવ્યું હતાં. જયારે પ્રાંતિજ ફાયર ફાયટરને જાણ કારી હતી ત્યારે બન્ને ફાયર ફાયટરો રીપેરીંગમાં છે ત્યારે ખરાં સમયે જ બન્ને ફાયર બંધ હોવાનું જાણવાં મળ્યુ હતુ અને તલોદ પાલિકાનું ફાયર ફાયટર બોલાવામાં આવ્યું હતું ત્યારે ફાયર ફાયટર આવે ત્યાં સુધીમા તો ઘરમાં રહેલ બધીજ ઘરવખરી બળીને સ્વાહા થઈ ગઈ હતી અને પરિવાર એકદમ નિસહાય બની ગયો હતો ત્યારે ગામજનોનું કહેવું છે કે આ પરિવારને સરકાર દ્વારા સહાય મળે તેવું જણાવી રહ્યા છે.





## મેઘરજ તાલુકાના ભૂજરી ગામે ૧૪ મહિનાના બાળકે કેરોસીન પીધુ

મેઘરજ, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ભુજરી ગામે પગી રાજુભાઈ મોહનભાઈ ઉં.વ. ૧૪ મહિનાએ તેલના ૫૦૦ ગ્રામના બાટલામાં ટ્રેક્ટરની આગળના ટાયરની બેરીંગની સર્વીસ કરવા માટે બહાર મુક્યું હતું અને રાજુના પિતા મોહનભાઈ તેમના ટ્રેક્ટરના ટાયરની બેરીંગ ખરાબ હોવાને કારણે તેવો સર્વીસ કરી રહ્યા હતા તે અરસામાં રાજુ રમતો રમતો પાછળથી આવી બાટલામાંથી એક ગુટ કેરોસીન પી ગયો હતો.

તુરંત જ તેના પિતા મોહનભાઈને ખબર પડતા રાજુને ૧૦૮ દ્વારા મેઘરજની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો પરંતુ તેની તબિયત વધુ બગડતા રાજુને ૧૦૮માં જ મોડાસા ખાનગી હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યો હતો જ્યાં તેની તાત્કાલિક સારવાર મળતા તેનો જીવ બચી ગયો હતો.

# પ્રાંતિજમાં ગેસ લીકેજ થતા નાસભાગ

## ગેસની શેરો ઉડતા તાત્કાલિક વિજપાવર બંધ કરવામાં આવ્યો : આસપાસના રહિશોના જીવ તાળવે બંધાયા : તાત્કાલિક ગેસ પ્રવાહ બંધ કરવામાં મોટી જાનહાની ટળી

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તાર તાલુકા સેવા સદન આગળ રોડના કામને લઈને ખોદકામ દરમ્યાન જમીનમાંથી પસાર થતી સાબરમતી ગેસલાઈનનમાં પંચર પડતા ઘટનાસ્થળે ગેસની શેરો ઉડી હતી અને બનાવને લઈને પાસે આવેલા રહેણાંક વિસ્તારના લોકોના જીવ તાળવે બંધાયા હતા.

પ્રાંતિજ ખાતે હાલ રોડનું કામ ચાલુ છે ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કરી દેતા જમીનમાં આવેલ પાણીની પાઈપ તથા ટેલિફોન વાયરોમાં પંચર કરી દેતા હાલ તો આ વિસ્તારના રહિશોની પરેશાનીઓમાં વધારો થયો છે. ત્યારે રેલવે સ્ટેશન વિસ્તારમાં જમીનમાંથી પસાર થતી સાબરમતી ગેસલાઈનમાં પંચર પડતાં પાઈપલાઈનમાંથી ગેસની શેરો ઉડવા પામી હતી અને આવેલ રહેણાંક વિસ્તારના લોકોમાં ભય ફેલાયો હતો. જ્યારે પાસે જ વિજ ડીપી આવેલ હોવાથી વિજ પ્રવાહને લઈ મોટી સમસ્યા સર્જાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી. વિજકંપની દ્વારા સમયસુચકતા વાપરતાં વિજપુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. જેથી મોટી જાનહાની ટળી હતી. જ્યારે તાત્કાલિક ગેસ સ્ટેશનમાં જાણ કરતા ચાલુ ગેસનો પ્રવાહ બંધ કરવામાં આવ્યો હતો. અને તેમની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પંચર કરી ગેસનો પ્રવાહ ચાલુ કર્યો હતો. જ્યારે ઉલ્લેખનીય છે કે સાબરમતી ગેસલાઈન કોન્ટ્રાક્ટર દ્વારા જે તે સમયે પાઈપલાઈનો હલકી ગુણવત્તાવાળી પાઈપો નાંખી હોવાનું લોકો જમાવી રહ્યા છે. જ્યારે અગાઉ પણ પ્રાંતિજમાં ભરચક વિસ્તારમાં આ બીજીવાર બનાવ બન્યો છે. ત્યારે બધાં દિવસો સરખા હોતા નથી જેથી તંત્ર દ્વારા ગેસ પાઈપ લાઈનને લઈને યોગ્ય ટીમ દ્વારા તપાસ થાય તેવું પ્રાંતિજના લોકો જણાવી રહ્યા છે.

# નવાખોલામાં ખાવાનું માંગતા ભાઈએ જ સગા ભાઈને પતાવી નાખ્યો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના નવાખોલા ગામે શુક્રવારે બપોરે મોટાભાઈએ નાનાભાઈ પાસે ખાવાનું માગ્યા બાદ બંને વચ્ચે તકરાર થઈ હતી. તકરાર દરમિયાન ઉશ્કેરાયેલા નાનાભાઈના માથા તેમજ પીઠ પર કુહાડીના ઘા ઝીંકી દેતા મોટાભાઈનું મોત નિપજ્યું હતું. જે ઘટનાની જાણ થતા વિજયનગર પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિજયનગર તાલુકાના નવાખોલા ગામે રહેતા ભેરાજી લોરના બે દિકરા અરવિંદ અને સજન વચ્ચે શુક્રવારે બપોરે ખાવાનું માંગવાની બાબતે તકરાર થઈ હતી. જેમાં અરવિંદની પત્નિ રીશાઈને તેના પિયરમાં જતી રહી હોઈ મોટોભાઈ અરવિંદ અવારનવાર તેના નાનાભાઈ સજન પાસે ખાવાનું માંગતો હતો. જેમાં શુક્રવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે અરવિંદે સજનના ઘરે જઈ ખાવાનું માગ્યુ હતુ. જેથી બંને ભાઈઓ વચ્ચે તકકાર થઈ હતી અને તે તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઉશ્કેરાઈ ગયેલા સજને પોતાના મોટાભાઈ અરવિંદના માથા પર અને પીઠના ભાગે કુહાડીના ઘા ઝીંક્યા હતા. જેથી ભાઈ અરવિંદ ગંભીર સ્થિતિમાં લોહીલુહાણ ભરી હાલતમાં ફસડાઈ પડ્યો હતો અને ઘટનાસ્થળે તેનું મોત નિપજ્યું હતું. નવાખોલા ગામે ભાઈ દ્વારા ભાઈની હત્યાની ઘટના અંગે વિજયનગર પોલીસને જાણ થતા પીએસઆઈ એ.બી. ઠાકોર ઘટનાસ્થળે દોડી ગયા હતા. જ્યાં ઘટનાસ્થળનું પંચનામુ કરી પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરવા મોકલી આપી હતી. હત્યાની ઘટના અંગે મૃતક અરવિંદના પિતરાઈ ભાઈ મગનભાઈ કાળાજી લોરે સજન લોર વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુન્હો નોંધી સજનને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા.

## હિંમતનગરમાં બંધ મકાનમાંથી ચોરી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં જલારામ મંદિર રોડ પર આવેલી એક સોસાયટીના બંધ મકાનને શુક્રવારે મધરાત્રે તસ્કરોએ નિશાન બનાવી હાથ ફેરો કર્યોહતો. જેમાં તસ્કરો ઘરની તીજોરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂ. ૯૫,૫૦૦ની માલમત્તા ચોરી ભાગી છુટતા સોસાયટીના રહીશે ઘરફોડ ચોરીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જલારામ મંદિર રોડ પર આવેલ રામેશ્વર સોસાયટીમાં રહેતા કુસુમબેન શૈલેન્દ્રસિંહ કુસવાર બહારગામ ગયા હતા ત્યારે શુક્રવારે મધરાત્રે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી ઘરના આગળના દરવાજાના તાળા તોડ્યા હતા. તસ્કરોએ ઘરના બેડરૂમમાં મુકેલી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના રૂ. ૮૮,૫૦૦ની મત્તાના તેમજ રૂ. ૭ હજારની રોકડ મળી રૂ. ૯૫,૫૦૦ની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા.

# બાયડ તાલુકાના ઝાંખરીયાના ખેડૂતની જમીન સરખા નામ હોવાને કારણે ડમી નામ વ્યક્તિએ જમીન પચાવી પાડી

બાયડ, તા. ૨૧

બાયડ તાલુકાના ઝાંખરીયા ગામની સીમમાં તા. ૨૦-૨-૨૦૧૩ના અગાઉના સમયગાળામાં આવેલી જમીન ફુદેસિંહ શનસિંહ સોલંકીના પિતાના નામ જેવા ભળતા નામના શનસિંહ કાળુસિંહ સોલંકીના એ ખોટા દસ્તાવેજ બનાવી ખોટા દસ્તાવેજને ખરૂ ઉપયોગ કરી આ જમીન મહેન્દ્રભાઈ ગોવિંદભાઈ પટેલની જમીન વેચાણ કરી એક બીજા મેળાપણાથી ખોટા દસ્તાવેજ બતાવી જમીન પડાવી લેવાનું કાવતરામાં શનસિંહ કાળુસિંહ સવાજી સોલંકી (રહે. ઝાંખરીયા), મહેન્દ્રભાઈ ગોવિંદભાઈ પટેલ (રહે. અમદાવાદ) આ બે આરોપીએ ફુદેસિંહ શનસિંહ સોલંકીની જમીન પચાવી લીધી છે. આ મામલે બાયડ પોલીસ સ્ટેશન ફરીયાદના આધારે આરોપીને કલમ ૪૨૦, ૪૬૭, ૪૭૪ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી બાયડ પોલીસે વધુ તપાસ હાથ ધરેલ છે.

## ગરમીમા રાહત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નીચે ઉતરવાનુ નામ ન લેતા નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. ઉનાળો આકરો બનતા સૌ કોઈની નજર ગરમીના પારા તરફ મંડરાઈ છે. બે દિવસ પુર્વે ગરમીનો પારો ૪૮ ડી ગ્રી સુધી પહોંચી જતા સમગ્ર શહેર આગની લપેટમાં ધકેલાઈ ગયુ હોય તેવો અહેસાસ શહેરીજનોએ કર્યો હતો. સદીના સૌથી ગરમ દિવસનો અહેસાસ કર્યા બાદ ગઈકાલે ગરમીનો પારો સાડા ત્રણ ડી ગ્રી ગગડ્યો હતો. જેના લીધે નગરજનોને અસહ્ય ગરમીમાં પ્રમાણમાં રાહત થઈ હતી. જયારે ગઈકાલે માડી સાંજથી વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા જોવા મળ્યો હતો. અચાનક જ વાતાવરણમાં ધુળની ડમરીઓ ઉડતા વાહનચાલકોને પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો. આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે સવારે આકાશી નઝારો બદલાયો હતો. દિવસ દરમિયાન સતત પવનનુ જોર યથાવત રહયુ હતુ. જેના લીધે નગરજનોએ ગરમીમાં પણ રાહત અનુભવી હતી. આજે મહત્તમ તાપમાન ૪૩.૫ ડી ગ્રી નોંધાયુ હતુ.

## રોગચાળાની દહેશત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંજોગોમાં સ્વીમિંગ પુલમાં ન્હાવા પડતા મુલાકાતીઓ ગમે ત્યારે રોગનો ભોગ બને તેવી દહેશત પણ ઉઠવા પામી છે. જવાબદાર તંત્રની બેદરકારીના લીધે શાવરમાં પાણી ન આવતુ હોવાનુ પણ મનાઈ રહયુ છે.

હાલ વેકેશનનો સમયગાળામાં શહેરમાં વિવિધ ઠેકાણે સમર કેમ્પ ચાલી રહયા છે. જયારે આકરી ગરમીના દિવસોમાં સે-૨૧ સ્થિત જીમખાનાના સ્વીમિંગ પુલમાં પણ સવાર પડતા જ કીડીયારુ ઉભરાતુ હોય તેવા દ્રશ્યો સર્જાય છે. શહેરના સ્વિમીંગ પુલમાં તરવાનુ શિખવા આવતા યુવાનો અને મહીલાઓ સાથે બાળકોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે ગરમીની ઋતુમાં સ્વિમીંગ પુલના ક્લોરીનેશન અને સફાઈ તરફ પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહયુ છે. આમછતા સ્વિમીંગ પુલમાં સરક્યુલેટ થતા પાણીની ગુણવત્તા સામે પ્રશ્ન મંડરાય તેવી સ્થિતિ સર્જાઈ છે. સ્વિમીંગ પુલમાં સ્નાન કરતા પહેલા અને બાદમાં શાવર લેવાનુ અનિવાર્ય હોય છે. જેથી પુલનુ પાણી સ્વચ્છ રહી શકે પરંતુ આ પુલમાં આવતા મુલાકાતીઓને છેલ્લા એક અઠવાડીયાથી શાવર લેવાનુ નસીબ થતુ નથી. શાવરમાં પાણી ન આવતા મુલાકાતીઓને બાથ લીધા વગર જ સીધા સ્વીમિંગ પુલમાં કુદવાની ફરજ પડે છે. જેના પરિણામે પુલમાં સરક્યુલેટ થતા પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન સર્જાયો છે. એકબાજુ દિનપ્રિતિદિન સ્વીમર્સની સંખ્યા વધતી જાય છે. ત્યારે આ બાબત આરોગ્યની દ્રષ્ટીએ વધુ ગંભીર બની હોવાનો સુર ઉઠવા પામ્યો છે. પુલમાં પાણીની સ્વચ્છતા જાળવવાના મામલે પ્રશ્ન ઉઠતા ચામડી સહીતના અન્ય રોગચાળાની દહેશત પણ પ્રવર્તી છે. શાવરમાં પાણી ન આવતુ હોવાના મામલે પણ કોક ચાલુ બંધ કરવામાં નિયમિતતા જળવાતી ન હોવાથી આ સમસ્યા સર્જાઈ હોવાનુ મનાઈ રહયુ છે. ત્યારે આકરી ગરમીના દિવસોમાં સ્વિમીંગ પુલ રોગચાળાનુ ઉદભવ સ્થાન ન બને તે માટે જરૂરી પગલા લેવાય તે અનિવાર્ય હોવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

દર્શાવી છે એક વ્યક્તિના કેટલા બધા રૂપ હોઈ શકે છે? અને દરેક રૂપમાં એ વ્યક્તિ કેટલો સાહજિક થઈને જીવન પસાર કરે છે. એ વાત સુંદર રીતે રજું થઈ છે. અંતે હિમાલયના દૃશ્યો અને ઘટનાઓ એકદમ જીવંત બન્યા છે. ફેન્ટેસીનું પ્રમાણ ખુબ છે પણ વાર્તાના કથાનકને ઉપકારક છે.

અનવર ખાન રચિત "કલાત્મક બળવો" વાર્તામાં એક માત્ર "ચા"માં થતા ભાવ વધારાથી સર્જાતુ આંદોલન ખુબ સરસ ચિત્રાત્મકતા લઈને આવે છે. કેટલાંક યુવાનો દ્વારા થતો "બળવો" ધીમે ધીમે એક સેલિબ્રિટી બની જાય છે અને એમાંથી સર્જાતો વ્યંગ્ય આપણી શાસકિય વ્યવસ્થા ઉપર કેટલાક પ્રશ્નચિહ્નો પણ ઉઠાવે છે. અને આ અંકની છેલ્લી વાર્તા બ્રિટનના લેખિકા "લેઓનારા કેરિન્ગટન" ની "મારી વહાલી" છે. વાર્તા સારી છે પણ લેખિકાના પરિચય પ્રમાણે તેઓ જાદું, ભેદભરમ અને સ્વપ્રકથા માટે જાણીતા છે. એ મુજબ અહીંની વાર્તા આરંભથી વાંચકોને પકડી લે છે. શાકભાજી વચ્ચે વર્ષોથી સુતેલી મૃત સ્ત્રીનું રહસ્ય અંત સુધી અકબંધ રાખીને લેખિકાએ કથાના તંતુઓ વાચકોના માનસમાં રોપી દીધા છે.

આમ આ રીતે જોઈએ તો મમતાનો આ અંક વાર્તાઓના વિષય, શૈલી, ભાષા અને લેખકોની ઉંમર અને પ્રદેશની રીતે વૈવિધ્યસભર રહ્યો. મમતા : તંત્રી - એ. વી. ઠાકર, ૯૭૭/૨, સેક્ટર - ૭/સી, ગાંધીનગર

- mamatamonthly@hotmail.com

(આ સરનામે કે ઈમેલ પર નવા વાર્તાકારો પોતાની વાર્તા મોકલી શકે છે.)

## પ્રાંતિજના બોભામાં અસંખ્ય ગરમીથી વૃદ્ધાનું મોત

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતભરમાં પડી રહેલ ગરમીથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. ત્યારે બોભા ગામે રહેતા ૭૫ વર્ષના પટેલ ચંચીબા કે જેવો નિયત ક્રમ પ્રમાણે બપોરના સમયે ગામમાં આવેલ મંદિરની આજુબાજુ આવેલ કિડીયાળુમાં લોટ દ્વારા દર પુરી ઘરે પરત ફરતા હતા તે સમયે અસંખ્ય ગરમીના કારણે તેવો પરસેવાથી રેબઝેબ થઈ જતાં તેવો ઘરમાં આવતા જ ખાટલામાં બેસી જતા ચંચીબા ખાટલામાં ઢળી પડ્યા હતા અને તેવોનું મોત નિપજ્યું હતું.

## ખેડબ્રહ્મામાં વાહનની ટક્કરથી એકનું મોત

ખેડબ્રહ્મા શહેરમાં મહાકાળી મંદિર પાસે ગત બુધવારે વાહનચાલકે બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત નિપજ્યું હતું. રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના હગરૂભાઈ લુકાભાઈ તરાલ તથા તેમના કાકા રેસાભાઈ માલાભાઈ તરાલ ગત બુધવારના રોજ બાઈક પર ઈડર તાલુકાના ભંડવાલ ગામમાં ખેતીની જમીન ભાગમાં રાખવા આવેલા હતા. જ્યાં જમીનની વાત કરી રાત્રે ૧૦ વાગે પરત નિકળ્યા હતા ત્યારે રેશાભાઈ બાઈક ચલાવતા હતા અને હગરૂબાઈ પાછળ બેઠેલ હતા. તેમને તરસ લાગતા મહાકાળી મંદિર પાસે પરબ જોતા બાઈક ઉભી રાખતા હગરૂભાઈ ઉતરી પાણી પીવા જતાં અંબાજી બાજુથી અજાણ્યા વાહને આવી બાઈકને ટક્કર મારતા રેસાભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તે સમયે તેમના ગામના મહેન્દ્રભાઈ રાજાભાઈ હુંડાળા પોતાની મારૂતી લઈ આવતા તેમણે ઉભી રાખી રેશાભાઈને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લઈ ગયા હતા.



### આગઝરતી ગરમીથી બચવા પરિવારોએ માઉન્ટ આબુની વાટ પકડી

બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલ રાજસ્થાનના માઉન્ટ આબુ હાલ સહેલાણીઓથી ઉભરાવવા લાગ્યુ છે. હાલ રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમીમાં આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. લોકો ઘરોમાં કેદ થઈ ગયા છે. રસ્તાઓ સુમસામ ભાસી રહ્યા છે. ત્યારે આ અસહ્ય ગરમીથી ઠંડક મેળવવા બનાસકાંઠાવાસીઓ સહીત રાજ્યના અન્ય વિસ્તારોમાંથી લોકો પરિવાર સાથે માઉન્ટ આબુ ઉમટી પડ્યા છે. નકીલેખ તળાવમાં બાળકો-મહિલાઓ પરિવાર સાથે બોટીંગ કરતા નજરે પડે છે. ઉપરાંત ગુરૂશીખર તેમજ ખળખળતા વહેતા ઝરણામાં સ્નાન કરી લોકો ઠંડક મેળવી રહ્યા છે. પાલનપુર-આબુ હાઈવે માર્ગ પર્યટકોના વાહનોથી ઉભરાયા છે.

# તલોદ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષની વરણી

તલોદ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષની આજે યોજાયેલ રસાકસીભરી ચૂંટણીમાં કોંગ્રેસના પી.ડી. ઝાલા વિજયી ઘોષીત થયા હતા. આ જગ્યા છેલ્લા ૪ માસથી ખાલી પડી હતી.

આજે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફથી આંત્રોલીના રહીશ પૃથ્વીસિંહ ધુળસિંહ ઝાલાને મેન્ડેટ આપવામાં આવ્યો હતો. પરંતુ કોંગ્રેસના જ અન્ય એક કાર્યકર એવા સજ્જનસિંહ કાળુસિંહ ઝાલા (એસ.કે.)એ પક્ષના મેન્ડેટથી નારાજ થઈ તેના સામે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આમ બંને કોંગ્રેસીઓ વચ્ચે જ ચૂંટણી યોજાઈ હતી. જેમાં એસ.કે. ઝાલાને ૪ મત અને પી.ડી. ઝાલાને ૫ મત મળતા આખરે પી.ડી. ઝાલાને વિજય ઘોષીત કરવામાં આવ્યા હતા. સજ્જનસિંહએ પક્ષના મેન્ડેટ વિરૂદ્ધ કામગીરી કરીને બળવો કર્યો હોવાની હકિકત તાલુકા કોંગ્રેસ સમિતિએ મોવળીમંડળને જણાવી હતી. જે આધારે એસ.કે. ઝાલાને પક્ષ શિસ્તભંગના પગલા સહિતની કારણદર્શક નોટીસ પાઠવશે તેમ સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે. હાલ તલોદ તાલુકા પંચાયતનું સુકાન કોંગ્રેસના પંજામાં છે. જ્યાં વિજયાબા અમરસિંહ ઝાલા પ્રમુખપદ સંભાળી રહ્યા છે.

તલોદ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષપદે પી.ડી. ઝાલાની વરણીને કોંગ્રેસ સમિતિએ તથા ઝાલાના સેંકડો સમર્થકોએ વધાવીને આવકારી હતી.